# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-04-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

--------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી સાંજે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.

# CM JUNAGADH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજે જુનાગઢમાં કરોડો રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું. આ પ્રસંગે શ્રી પટેલે પોતાના સંબોધનમાં લોકોને ‘કેચ ધ રેઈન’ અભિયાન અંતર્ગત પાણી બચાવવા અને પાણીનો સંગ્રહ કરવા અપીલ કરી હતી. તેમણે તાજેતરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આપેલા નવ સંકલ્પને જીવનમાં અપનાવવા આહ્વાન કર્યું હતું. મુખ્યમંત્રીએ જુનાગઢમાં મંજૂર થયેલી હૉસ્પિટલને ઝડપથી બનાવવા પણ જણાવ્યું હતું.

## (બાઈટઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ)

દરમિયાન શ્રી પટેલે પ્રાકૃતિક ખેતી પર ભાર મૂકતા કહ્યું, જમીનની સાથે આપણું સ્વાસ્થ્ય જાળવવા માટે પ્રાકૃતિક ખેતી ખૂબ જરૂરી છે.

. . . . . . . . . . . .

# SHRAMIKO MATE ADESH

રાજ્ય સરકારે રાજ્યના તમામ ઉદ્યોગો, બાંધકામ વિસ્તાર, મનરેગા વર્કર્સ, ઈંટભઠ્ઠા તથા અન્ય સ્થળે કામ કરતા શ્રમિકોને બપોરના સમયે કામ ન કરાવવા આદેશ કર્યો છે. શ્રમ આયોગની કચેરી દ્વારા આ અંગે એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. તેમાં શ્રમિકોને બપોરે એકથી ચાર વાગ્યા સુધી કામગીરી ન કરાવવા સૂચના આપવામાં આવી છે. ખૂલ્લી

જગ્યા કે પછી જ્યાં સીધો તાપ આવે ત્યાં આગામી જૂન મહિના સુધી આ નિયમનું પાલન કરવાનું રહેશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . .

## KASTURBA JAYANTI

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ધર્મપત્ની પૂજ્ય કસ્તૂરબા ગાંધીની આજે 156મી જન્મજયંતી છે. આ પ્રસંગે ગાંધીનગરમાં ગુજરાત વિધાનસભા ખાતે આજે પૂજ્ય કસ્તૂરબા ગાંધીના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. પૂજ્ય કસ્તૂરબા ગાંધીનો જન્મ 11 એપ્રિલ અઢાર સો ઓગણસિત્તેર-ના રોજ પોરબંદરમાં થયો હતો. જ્યારે 22 ફેબ્રુઆરી 1944ના રોજ પૂનામાં તેમનું અવસાન થયું હતું.

. . . . . . . . . . . .

## AMIT SHAH GANDHINAGAR

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આગામી 18 એપ્રિલે ગાંધીનગરની મુલાકાતે આવશે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, શ્રી શાહ ગાંધીનગર મહાનગરપાલિકા અને ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ- ગુડાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

શ્રી શાહ મહાનગરપાલિકા દ્વારા બનાવાયેલા સેક્ટર 21 અને 22 અંડરપાસનું લોકાર્પણ કરશે. ઉપરાંત તેઓ આરોગ્ય કેન્દ્રોનું લોકાર્પણ કરી તેની રૂબરૂ મુલાકાત પણ લેશે. ગુડા દ્વારા તૈયાર કરાયેલા E.W.S. આવાસોનું પણ શ્રી શાહ લોકાર્પણ કરશે.

. . . . . . . . . . . .

# YOGASAN WORLD CHAMPIONSHIP

મલેશિયામાં યોજાયેલી યોગાસનની વર્લ્ડ ચેમ્પિયનશીપમાં; મહેસાણાના કડીનાં એન્જલ પટેલે ભારતનું પ્રતિનિધિત્વ કરી સુવર્ણ ચંદ્રક જીત્યો છે. એન્જલ પટેલે નવથી 11 વર્ષ વિભાગમાં આ સિદ્ધિ મેળવી છે. જ્યારે ઑસ્ટ્રેલિયાના ખેલાડીએ રજત અને નેપાળના સ્પર્ધકે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ સ્પર્ધામાં વિશ્વભરના 24 દેશના 200 સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . .

# DANG LAKHPATI DIDI

કેન્દ્ર સરકારની લખપતિ દીદી યોજનાનો લાભ લઈને અનેક મહિલાઓ લખપતિ બની રહી છે. તેવામાં ઉત્તર ડાંગ વન વિભાગ દ્વારા લખપતિ દીદી યોજના અંતર્ગત જિલ્લાની નર્સરીઓમાં સ્વસહાય જૂથની મહિલાઓને કામ આપવામાં આવ્યું છે. આ અંગે ઉત્તર ડાંગ વન વિભાગના નાયબ વન સંરક્ષક ડી. એન. રબારીએ માહિતી આપી હતી.

(બાઈટઃ ડી. એન. રબારી)

. . . . . . . . . . . .

# AMRELI HANUMAN JANMOTSAV

અમરેલી જિલ્લામાં આવતીકાલે ભગવાન હનુમાનજીના જન્મોત્સવની ઉજવણી કરાશે. તેને લઈને આજે સાંજથી અમરેલીથી હજારો પદયાત્રીઓ લાઠી તાલુકાના ભુરખિયા હનુમાન મંદિર તરફ પ્રયાણ કરશે. 35 કિલોમીટરના અંતરમાં પદયાત્રીઓ માટે માર્ગ પર ઠેરઠેર ઠંડાપીણા, ખાણીપીણી, ભોજન, પ્રસાદ સહિતની વ્યવસ્થા કરાશે. જ્યારે યાત્રિઓને મુશ્કેલી ન પડે તે માટે પોલીસ દ્વારા રાત્રિ દરમિયાન પણ સઘન પેટ્રોલિંગ અને બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

આ ઉપરાંત હનુમાન જન્મોત્સવ નિમિત્તે વિવિધ હનુમાન મંદિરોમાં સુંદરકાંડ પાઠ, હનુમાન ચાલીસાના પાઠ, ધુન-કીર્તન સહિતના કાર્યક્રમ પણ યોજાશે.

. . . . . . . . . . . .

# BAHUCHARAJI MELO

મહેસાણાના યાત્રાધામ બહુચરાજી ખાતે ચૈત્રી પૂનમના મેળાનો પ્રારંભ થતાં પહેલા દિવસે 15થી વધુ સંઘનું આગમન થયું છે. આ વખતે મેળાને ધ્યાને રાખી બહુચરાજી ખાતે પાંચ સ્થળ પર વાહન પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત યાત્રિકો માટે વિનામૂલ્યે ભોજનની પણ વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

. . . . . . . . . . . .